








Kamla®

FOUNDATION

જો તમે અમારી સાથે કામ કરવા માંગતા હોય, આર્થિક સહાય કરવા માંગતા હોય અથવા અમારા વિષે વધારે માહિતી જોઇતી હોય તો સંપર્ક કરો :

Bhupendra Mistry at **Kamla Foundation**

8 The Fairway | Offerton | Stockport | Cheshire | SK2 5DR

**www.kamlafoundation.org | info@kamlafoundation.org**

ટેલિફોન: ૦૧૬૧ ૨૯૨ ૬૬૩૩

રજીસ્ટર્ડ ચેરિટિ નંબર - ૧૧૨૨૮૪૦

Designed and produced by ‘**This is Imagine**’ - www.thisisimagine.co.uk

# Kamla®
## FOUNDATION

## વિચાર બદલો – જીવન બદલો

Patron: Baroness Jill Pitkeathley OBE



## કમલા ફાઉન્ડેશન

સામાજિક રીતે તરછોડાયેલા સમાજ સાથે કામ કરે છે જેમાં ગરીબો, નીચી જ્ઞાતિ, આદિવાસી લોકો (ખાસ કરીને મહિલાઓ)ને મદદરૂપ બને છે. અમે એવું માનીએ છીએ કે દરેક ગરીબ વ્યક્તિને ગૌરવ સાથે જીવન જીવવાની, ભૂખ અને પછાતતાથી મુક્તિ પામવાની તક છે.

અમે માનીએ છીએ કે ગરીબ અને સંવેદનશીલ લોકો માટે પુરતી તકો વિસ્તારવી અને વૈશ્વિકરણના બધા લાભો તેમને મળે તેની ખાતરી આપવી જોઇએ.

અમારા વ્યૂહાત્મક કાર્યક્રમો મુખ્યત્વે ગ્રામીણ, ગરીબના સશક્તિકરણ (ખાસ કરીને મહિલાઓ માટે) કરવામાં કેન્દ્રિત હોય છે. તેમને આર્થિક રીતે કુશળ, સ્વનિર્ભર બનાવવામાં અને તેમનો સામાજિક સમાવેશ કરવામાં મદદરૂપ થાય છે.

## દ્વિમુખી ભારત

ઘણા લોકો માને છે કે ભારતીયોની વૈશ્વિકરણ હેઠળ સમૃદ્ધિ વધતી ગઇ છે, પરંતુ આ વૈશ્વિકરણની નવી તકો માત્ર થોડા લોકોને લાભદાયી નીવડી છે. તદ્દપરાંત ભારત દ્વિમુખી વર્ગ સાથે બનેલો છે, જ્યાં એક તરફ ખુબ સમૃદ્ધ વર્ગ અને વિકાસ પામતો શહેરી મધ્યમ વર્ગ તો બીજી તરફ ગરીબી જોવા મળે છે.

જે લોકો ગરીબ, શક્તિહીન અને આશા વગરના છે તે વૈશ્વિક ચિંતાનો વિષય છે. ભારત એ વિશ્વનું સૌથી મોટું ગરીબીનું જાળ છે. જ્યાં ૫૦ કરોડ લોકો ૧ ડોલરથી પણ ઓછું અથવા ૫૦ પૅનીથી (દિવસ દીઠ) જીવન ગુજારે છે, તે ભારતનું બીજું સ્વરૂપ રજુ કરે છે. કેન્દ્રિય અને સ્થાનિક સરકાર આ સમસ્યા સામે નિષ્ફળ નીવડી છે, તો ભાગ્યેજ સમાચાર પત્રો તેમના તરફ ધ્યાન આપે છે અને વ્યવસાયો તેમનું આર્થિક શોષણ કરે છે.

## અમારી દ્રષ્ટી

એવું ભારત જ્યાં દરેક વ્યક્તિને ગૌરવ સાથે જીવન જીવવાની, ભૂખ અને પછાતતાથી મુક્તિ પામવાની તક હોય.



## અમારું મિશન

ભારતમાં ગરીબીનું મૂળ હાથ ધરવા માટે :

- સામાજિક પડકારો અને સાંસ્કૃતિક સમસ્યાઓ સમજવી
- સંકલિત અને સંવાદીત વિકાસને પ્રોત્સાહન આપવું
- યોગ્ય જ્ઞાનની વહેંચણી કરવી
- પ્રભાવશાળી સ્થાનિક નેટવર્કમાં ભાગીદાર થવું

અમારો અભિગમ છે કે અમે સ્થાનિક ભાગીદારીથી સામાજિક સમસ્યાઓનો ઉકેલ લાવીએ. અમે પછાત સમુદાયોને તેમના વિકાસ માટે મૂળભૂત જરૂરિયાતો મળી રહે તેનું ધ્યાન રાખીએ છીએ અને ગરીબી તેમજ તેમના પર થતા અન્યાયના ઉકેલો શોધીએ છીએ.

## અમારો હેતુ

- ભારતમાં વિશ્વસનીય અને વિશ્વાસપાત્ર સાથી સંસ્થાઓની શોધ
- અનુરૂપ સંસાધનોનો સંકેત આપવો
- પ્રભાવશાળી વ્યવસ્થા માટે સ્થાનિક ભાગીદારી રચવી જેથી સમગ્ર માહિતીનું આદાન-પ્રદાન થાય
- સાંસ્કૃતિક અને આર્થિક ઉકેલ માટે ક્ષમતા રચવી

## અમારા માર્ગદર્શક સિદ્ધાંતો

અમારા સિદ્ધાંતો અમારી દાનવૃત્તિની ભૂમિકાને અસર કરે છે અને તેની સ્થાપના કરે છે. તે અમને માર્ગદર્શન આપે છે કે અમે શું, શું કામ, અને કઇ રીતે કાર્ય કરીએ છીએ. અમે લાંબાગાળાના ઉકેલો શોધીએ છીએ કે જે આગળ ચાલતાં આર્થિક સ્વતંત્રતાને પ્રતિબદ્ધ રહેશે સાથે પર્યાવરણને પણ ધ્યાનમાં લેશે.

અમે તેવી સમસ્યાઓના ઉકેલોને પ્રોત્સાહન આપીએ છીએ જે વ્યક્તિગત અને સમુદાયોમાંથી આવે છે. આ સિદ્ધાંત આંતરિક છે જે સ્થાપનાના સ્વનિર્ભરતાના ખ્યાલને પ્રોત્સાહન આપે છે. જ્યારે અમારા મૂળભૂત સિદ્ધાંતો અમારા ઘણા કાર્યોને દર્શાવે છે અને બીજી તરફ સાથે સાથે અમે તેમાં સુધારા કરવા માટે હંમેશાં તત્પર છીએ જેથી કરીને અમે વૃદ્ધિ કરી શકીએ.

## અમે શું કરીએ છીએ

અમે ત્યાં કામ કરવાનું ટાળીએ છીએ જ્યાં પહેલેથી યોગ્ય લોકો કામ કરી રહ્યા છે – ખાસ કરીને જાહેર કંપનીઓ (જ્યાં વધારે મૂડી રોકાણની જરૂર પડે છે)

અમે જાણીએ છીએ કે અમારા સંસાધનો એટલા પૂરતા નથી કે જેથી અમે રાતોરાત કોઇ મોટું સાહસ કરી શકીએ. પરંતુ અમે હંમેશાં નવી તકો અને નવા ભાગીદારોની શોધમાં રહીએ છીએ.

અમે ભ્રામક ઝડપી સુધારાઓ લાવવા કરતાં વિકાસલક્ષી ઉકેલ શોધીએ છીએ જે આગળ જતાં અમને ફક્ત પૈસા નહિ પણ અમારા વિચારો અને નીતિઓને આગળ લાવવામાં મદદરૂપ થશે.

અમે માનીએ છીએ કે રોકાણ નક્કી નથી કરતું કે સંસ્થા કેટલી મહાન છે પરંતુ રોકાણના પરિણામો બતાવે છે કે સંસ્થા કેટલી મહાન છે. અમારા માટે તે પરિણામો અમારો સુધારો કરવાની ક્ષમતા, પ્રભાવ, અને અંતે, તેની અસર રજુ કરે છે.

**નવનિર્માણ** દ્વારા અમે કશું નવું શોધવાની કોશિશ કરીએ છીએ, જે અમારી ક્ષમતામાં વધારો કરે છે. તે સર્જનાત્મક અને ખર્ચાળ હોવા છતાં અમે એવું માનીએ છીએ કે તે અમને સામે આવતા પડકારોનો સામનો કરવામાં સાનુકુળ રહેશે તથા અમને ચેતવશે.

ઝડપથી બદલતા વિશ્વમાં પ્રભાવ એક નિર્ણાયક ચલણ છે, જ્યાં ગૂંચવણભરી બજાર વ્યવસ્થા, સરકારી માળખું અને વિવિધ સંસ્કૃતિઓનો સુમેળ છે જે ઓછા સાધનો અને લાભો માટે સ્પર્ધા કરે છે. આ લાભનો અસરકારક પ્રભાવ જાળવી રાખવા માટે અને તેના દ્વારા નવી તકો ઉત્પન્ન કરવા અમે જરૂરી પ્રયત્નો કરીએ છીએ.

**અસર** સ્પષ્ટ, ઓળખી શકાય અને ઘણા કિસ્સાઓમાં માપી શકાય છે. અમે એવા મુદ્દાઓ અને જગ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ જ્યાં બદલાવની જરૂરિયાત છે પણ સાથે સાથે વાસ્તવિક બદલાવ કરી શકવાની ક્ષમતા હોય છે.

વિચાર બદલો – જીવન બદલો